# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**વિષય :- કોમ્પ્યુટર વિષયની પ્રાયોગિક પરીક્ષા ના ખર્ચ અંગે.**

**પરીપત્ર ક્રમાંક :- ૬૨ /૨૦૧૫**

આ યુનિ. સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ યુનિ. વિભાગ ના અધ્યક્ષશ્રીઓ /કો- ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે યુનિ. દ્વારા લેવાનાર પરીક્ષાઓ કે જેમાં કોમ્પ્યુટર વિષયની પ્રાયોગિક પરીક્ષાઓ લેવામાં આવે છે. તેઓને પરીપત્ર ૪૬ મુજબ મહેકમ ચૂકવવામાં આવતું હતું.

તા. ૭ / ૩ / ૧૫ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક નં.૧૧૩ થી પરીશિષ્ટ ૫ થી કોમ્પ્યુટર પ્રાયોગિક પરીક્ષાનું મહેનતાણું આ મુજબ ચૂકવવા નું નકકી કરવામાં આવેલ છે. જેમાં ૧ વિદ્યાર્થી દીઠ રૂા.૨૫ /- લેખે પ્રાયોગિક પરીક્ષાનું ચૂકવણું કરવું અથવા પરીક્ષકશ્રીઓ ને એક દિવસના રૂા. ૮૦૦ /- માંથી જે વધુ હોય તેનું ચૂકવણું કરવાનું રહેશે.કોમ્પ્યુટર વિષય ચાલતી કોલેજોએ વધુમાં વધુ ૯૦ વિદ્યાર્થીઓ ની પરીક્ષાઓ રોજ લેવાની રાખવાનું રહેશે. .તેઓને પરીપત્ર મુજબ ચૂકવણું કરવાનું રહેશે.

ઉપરોકત ચૂકવાયેલ રકમમાં તમામ પ્રકારના કોમ્પ્યુટર પ્રાયોગિક પરીક્ષા ના ખર્ચના મહેકમનો સમાવેશ થશે.કોમ્પ્યુટર પ્રાયોગિક પરીક્ષા લક્ષી કોઇ પણ પ્રકારની વધારાની રકમ ત્યારબાદ યુનિ. ચૂકવશે નહી. કોલેજના આચાર્યશ્રીઓ તેમજ ભવનના અધ્યક્ષશ્રીઓ /કો-ઓર્ડીનેટરશ્રીઓએ તેઓના કેન્દ્રોમાં પરીક્ષા કઇ તારીખ થી કઈ તારીખ સુધી કેટલા દિવસ ચાલેલ છે. અને કુલ વિદ્યાર્થીની સંખ્યા દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

જા.નં .પરીક્ષા / હિસાબ/ ૦૪ /૨૦૧૫
હેમ.ઉ.ગુ.યુનિ.પાટણ-૩૮૪૨૬૫
તા-૨૮ / ૩ / ૧૫

(ડો.ગિરીશ.જે.ઠકકર)
પરીક્ષા નિયામકશ્રી

**પ્રતિ,**

**નકલ સવિનય જાણ સારૂ રવાના :**

(૧) **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાઓની કોલેજોના આચાર્યશ્રીઓ** અનુસ્નાતક, વિભાગના વડાશ્રીઓ તરફ જાણ તથા **ઘટતી કાર્યવાહી કરવા સારૂ.**
(૨) **માન્ય સંસ્થાના આચાર્યશ્રી તથા વડાશ્રી તરફ જાણ તથા કાર્યવાહી કરવા સારૂ.**
(૩) કુલપતિશ્રી/ ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રી , હેમ.ઉ.ગુ.યુનિ. પાટણ તરફ જાણ સારૂ
(૪) યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગોના વડાશ્રીઓ
(૫) કાર્યાલય નોટિસ બોર્ડ / પરીક્ષા વિભાગ નોટિસ બોર્ડ
(૬) હેડ કલાર્ક -ખાનગી શાખા / જનરલ શાખા / સેલ શાખા (પરીક્ષા)
(૭) કુલપતિશ્રીના અંગતસચિવશ્રી, **હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી** , પાટણ તરફ
(૮) સિસ્ટમ એનાલિસ્ટશ્રી , રીઝલ્ટ સેન્ટર તરફ તેમજ **EMAIL** દરેક કોલેજોને મોકલવા કાર્યવાહી સારું.

D:\ASHISH\B.T.PATEL\new com paripatra.doc